ગાંધીનગર સમાચાર

# પ્લાન એ

આજે હું કેટલાક મહાન માણસોની મહાન વિચારધારા ઉપર થોડોક પ્રકાશ પાડવા જઈ રહી છું. એવા લોકો જે જનમથી જ મહાન હોય છે, ઈચ્છે તોય પોતાને સુધારી ના શકે.

આ દુનિયામાં કેટલાક એવા પણ જીવ વસે છે જેમની પાસે એમના જનમથી લઈને મૃત્યુ સુધીનું બધું જ નક્કી હોય. એમણે આવનારા બધા જ વરસોનું પ્લાનિંગ કરી રાખ્યું હોય. પ્લાન એ ફેઈલ જશે એવું લાગે કે તરત એમની પાસે પ્લાન બી અને પ્લાન સી પણ રેડી જ હોય. એ જ્યારે સ્કૂલમાં પ્રાઈમરી લેવલે ભણતાં હોય ત્યારે દસમાં અને બારમાં ધોરણમાં કઈ લાઈન લેશે, કેટલા ટકા માર્કસ મેળવશે એનું પ્લાનિંગ કરતા હોય. આપણે સ્કૂલમાં એક દિવસ ફ્રી ડ્રેસ મળતો હોય ત્યારે કયા કપડાં પહેરી જઈશું એ વિચારતા માથું ખંજવાળતા હોઈએ ત્યારે એમણે કઈ કોલેજમાં પ્રવેશ મેળવી કઈ ડિગ્રી મેળવશે એ નક્કી કરી લીધું હોય. ખાલી નક્કી કર્યું હોય એમ જ નહીં...નક્કી કરે મહાન થોડા કહેવાય? જે નક્કી કરે એને પૂરું કરવા મહેનત પણ એટલી જ કરે અને છેવટે બીજાને ઈર્ષા આવે એવી જિંદગી જીવતા હોય.

કોલેજ બાદ ક્યાં નોકરી કે ધંધો વિકસાવવો, કોની સાથે લગ્ન કરવા, કેટલા બાળકો, કેવડું ઘર, કઈ ગાડી બધું એ ટુ ઝેડ નક્કી હોય. અરે તમે અમસ્તું જ પૂછોને કે બે હજાર પચીસમાં આ સમયે તું શું કરતો હોઈશ? તરત જ જવાબ આપી દે, ‘મારા ફેમિલી સાથે સિંગાપોરમાં ક્રિસમસ માટેની ખરીદી કરતો હોઈશ. એ નાતાલ અમે લોકો યુએસમાં ઉજવીશું. ત્યારે મારો લાલો બારમું પાસ કરી ચૂક્યો હશે કોલેજ



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

એને ત્યાં જ કરાવવી છે, એ પછી...‘ એમનું પ્લાનિંગ સાંભળીને તમે મોઢામાં આંગળા નાખી દો.

મને આવા મહાન માણસો વચ્ચે શરમ આવી જાય. મારું તો મોટા ભાગનું કામ રામ ભરોશે જ ચાલતું હોય છે. બીજી બધી મહાન વાતો જવા દો, ઓચિંતું કોઈ મને રસોડે મળે ને ધીરેથી પૂછે કે, સાંજે જમવામાં શું છે? આપણે તો હંમેશનો એક જ જવાબ હોય, રામ જાણે! સાંજે રસોડામાં પહોંચ્યા બાદ, ફ્રીઝ ખોલી થોડા ખાંખાખોળા કર્યા બાદ ખ્યાલ આવે કે આજે બનાવું તો શું બનાવું, એના માટે વળી પ્લાનિંગ કેવું?

કેટલાક મહાન માણસોના રસોડામાં આખા મહિનાનું સવાર સાંજનું મેનું તૈયાર હોય અને એ પ્રમાણે જ બધી વાનગીઓ પાછી બનતી પણ હોય. મારા સાસુ હું નવી નવી પરણીને આવેલી ત્યારે એક દિવસ મને કહે, ‘પહેલાં રસોડામાં કયા દિવસે કયું દાળ/શાક બનશે એનું લિસ્ટ ફ્રીઝ ઉપર લટકતું રહેતું અને એ પ્રમાણે જ હું બધું બનાવતી. એવી રીતે બાળકો મગ, અડદ, ચણા વગેરે જેવી દાળ અને ફરતું શાક ખાઈ તંદુરસ્ત રહેતા.‘ મેં કહ્યું, ‘સરસ તમે મહાન છો.‘ એ મારી સામે જોઈ રહ્યાં અને હું એમની.., અમારા વચ્ચેની વાત પર એક અદ્રશ્ય બ્રેક લાગી ગયેલો. આવું શા માટે થયું એ હજી મને સમજાયું નથી.

એક છોકરીને ડૉકટર બનવાની બહુ ઈચ્છા હતી. સ્કૂલ પૂરી થયા બાદ એણે આર્ટસ લીધું અને એમાં એ સંગીત શીખી. મને ખરેખર એમ થતું કે એ કેટલી મહાન છે. જે એને ગમતું હતું એ જ એણે કર્યું. વરસો બાદ એ મને એક હોટેલમાં મળી ગઈ. વાત વાતમાં જાણ થઈ કે એને થોડાક ઓછા ટકા આવેલા અને એટલે એ ડૉકટર ના બની શકી. એના પ્લાનિંગ મુજબ એ પોતે ડૉકટર ના બની શકી ત્યારે એણે ડૉકટર સાથે પરણવાનું નક્કી કરેલું અને ડૉકટર સાથે પોતે જરાય ઉતરતી ના લાગે એટલે એ સંગીત શીખી. ખરેખર એને સંગીતમાં એવી કોઈ વધારે રુચિ ન હતી. વળી પાછું મારાથી દોઢ ડાહ્યા થઈને પૂછી લેવાયું, ‘ધાર કે તારા લગ્ન ડૉક્ટર સાથે ના થયા હોત તો તું શું કરત?‘ એણે તરત હસીને કહ્યું, ‘પ્લાન સી પણ તૈયાર જ રાખેલો. મારા છોકરાને ડૉકટર બનાવત. ઘરમાં એક ડૉકટર તો જોઈએ એટલે જોઈએ.હ્લ હું અબૂધ આઈસ્ક્રીમના બે સ્કૂપ વધારે ગળચી ગઈ, પછી યાદ આવ્યું એ સવારે જ નક્કી કરેલું વજન ઘટાડવાનું...

**અમસ્તું,**

એક નાના પોરિયાને લોલીપોપ ખાતો જોઈ મેં કહ્યું, દાંત ખરાબ થઈ જશે, તો એ મારો બેટો કહે, ‘હું મોટો થઈને નકલી દાંત બનાવવાની ફેકટરી ખોલવાનો છું!‘

@kapadianiyati

# અરિહંત ફાર્મસી કોલેજમાં e-Expert Talk (પર્સનાલિટી ડેવલપમેન્ટ અને રેઝ્યુમે રાઈટિંગ)નું આયોજન

ગાંધીનગર, તા. ૯

અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી અને બી આર આઈ દ્વારા વિદ્યાર્થીઓના ભાવિ ઘડતર તથા કારકીર્દી ને ઉજ્વળ બનાવવા માટે ના ભાગ અંતર્ગત ‘‘E Expert Talk’’ નું આયોજન ૭મી ડિસેમ્બરે ઓનલાઈન "zoom" માધ્યમથી કરવામાં આવ્યું હતું.

આ ‘‘E - Expert Talk’’ માટે શ્રીમાન નિમિષ દવે (Head, Training & Placement, SSIU) ને મુખ્ય સ્પીકર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ એક્સપર્ટ ટોક માં ૧૪૦ જેટલા કેન્ડીડેટ સહભાગી બન્યા હતા, જેનો મુખ્ય વિષય હતો, "Personality Development & Resume Writing". આ વિષય મુખ્યત્વે બી.ફાર્મ તથા એમ.ફાર્મ ના વિદ્યાર્થીઓ ને ધ્યાન માં રાખી પસંદ કરવામાં આવ્યો હતો. શ્રીમાન નિમિષ દવે એ એમના વકતવ્ય માં મુખ્યત્વે પ્રોફેશનલ કોર્સ માં પોતાના વ્યક્તિત્વ (Personality)નું ઘડતર કેવી રીતે થઈ શકે છે અને તેના દ્વારા એક આગવી ઓળખ સમાજ માં ઉભી કરી શકાય છે એ બાબતે ભાર મુક્યો હતો.




તદઉપરાંત, વિદ્યાર્થીઓ એ પોતાનો CV/Biodata કેવી રીતે બનાવવો જોઈએ જેથી interview માં પસંદગી ની તકો પણ વધી શકે અને તેના સંદર્ભ માં અગત્યના મુદ્દા ઓ ચર્ચા હતા.

આ કાર્યક્રમની પુર્ણાહુતીમાં વિદ્યાર્થી ઓ એ વિષય અનુરૂપ પ્રશ્નો પૂછ્યા હતા જેનો લાભદાયી અને યોગ્ય ઉત્તર શ્રીમાન દવે દ્વારા આપવામાં આવ્યો હતો.કાર્યક્રમના અંતે ડૉ.દિવ્યકાંત પટેલ સરે આભાર વિધિ વ્યક્ત કરી હતી.

# એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓનલાઈન વિવિધ પ્રવૃત્તિ થઈ




ગાંધીનગર, તા.૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૬ઠ્ઠી ડિસેમ્બરે ધોરણ ૧થી ૮ ના વિદ્યાર્થીઓ માટેઓન લાઈન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થયું હતું. આ પ્રવૃત્તિઓમાં ધોરણ ૧ અને ૪ના વિદ્યાર્થીઓ માટે સલાડ બનાવવાની તેમજ ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે મોબાઈલના કવર ઉપર ડિઝાઈન બનાવવાની અને વિદ્યાર્થીનીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન થયું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ પોતાની મૌલિક શક્તિનો પરીચય બતાવ્યો હતો.વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

# હિંમતનગરના યુવાન કલાકારે શહેરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૯

ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ટેલેન્ટ હેટ-સર્ચ ફોર સ્ટાર નામની કોમ્પીટીશન યોજવામાં આવી હતી. આ કોમ્પીટીશનમાં હિંમતનગરના યુવાન કલાકાર રાજન વ્યાસે એકટીંગનો ઓનલાઈન વિડિયો મોકલાવી ભાગ લીધો હતો, જેમાં આ કલાકારની ફાઈનલ માટે પસંદગી કરવામાં આવતાં શહેર અને જિલ્લાનું ગૌરવ વધ્યું છે. હવે કલકત્તાથી યોજાનાર ફાઈનલ સ્પર્ધામાં જજ સામે ઓનલાઈન લાઈવ પરફોમન્સ આપવાનું રહેશે. રાજન વ્યાસે અગાઉ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના કલા મહાકુંભ અને યુવા ઉત્સવમાં પ્રદેશકક્ષા સુધી ઈનામો મેળવ્યા છે. ઉપરાંત હિંમતનગર, અમદાવાદ, વડોદરા,મુંબઈની વિવિધ સ્પર્ધાઓમાં પણ વિજેતા રહયો છે. અત્રે નોંધનીય છે કે આ પ્રતિભાશાળી કલાકાર હિંમતનગરના ગૌરવ પુરસ્કૃત નાટયકાર ભરત વ્યાસનો પુત્ર છે. મોરના ઈંડાને ચિતરવાની જરૂરના હોય એ પંકિત અહીં સાથંક થાય છે.



# હ્યુમન રાઈટ્સ ડે

## પ્રસંગસર



પ્રો. જીગર એસ. બારોટ

હ્યુમન રાઈટ્સ ડે એટલે કે માનવાધિકાર દિવસને યુનાઈટેડ નેશન્સ(યુ.એન.) દ્વારા દર વર્ષે ૧૦ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. માનવાધિકાર દિવસ એ યુનાઈટેડ નેશન્સની એક સૌથી મોટી ઉપલબ્ધિ છે. આ દિવસે માનવાધિકાર ક્ષેત્રેના પાંચ વર્ષિય સંયુક્ત રાષ્ટ્ર પુરસ્કાર અને નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવે છે. માનવાધિકાર ક્ષેત્રે સક્રિય અનેક સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ પણ આ દિવસની ઉજવણી માટે વિશેષ કાર્યક્રમોની સૂચિ બનાવે છે અને તેનુ આયોજન પણ કરે છે. સર્વ માનવાધિકારોનુ સંગ્રહિત ડોક્યુમેન્ટ્સ એટલે ‘‘ધ યુનિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ (યુડીએચઆર), જેની રચના વિશ્વના તમામ દેશોના વિવિધ કાનૂની અને સાંસ્કૃતિક બેકગ્રાઉન્ડવાળા પ્રતિનિધિઓ દ્વારા કરવામા આવી હતી. યુડીએચઆરનું ૫૦૦ થી વધુ ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું છે.

**માનવાધિકાર એ જાતિ, રાષ્ટ્રીયતા, વંશીયતા, ભાષા, ધર્મ અથવા અન્ય કોઈપણ હોદ્દાને ધ્યાનમાં લીધા વિના બધા જ માનવોના જન્મજાત અધિકારો છે. માનવાધિકારમાં જીવન અને સ્વતંત્રતાનો અધિકાર, ગુલામી અને ત્રાસથી મુક્ત થવાનો અધિકાર, અભિપ્રાય અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, કામ અને શિક્ષણનો અધિકાર જેવા ઘણા અધિકારો નો સમાવેશ થાય છે. કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આ તમામ અધિકાર માટે દરેક વ્યક્તિ હકદાર હોય છે.**

ભારતમાં સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શોષણ વિરુદ્ધનો અધિકાર, ધર્મની સ્વતંત્રતાનો અધિકાર, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર તથા બંધારણીય અધિકાર એમ મૂળભૂત છ અધિકાર આપવામા આવેલ છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં મૂળભૂત અધિકારમાં રાઈટ ટૂ પ્રાઈવેસી (ગોપનીયતાનો અધિકાર) નો પણ સમાવેશ કરેલ છે જે લોકોના ડેટા અને વ્યક્તિગત સુરક્ષાની ખાતરી આપે છે.

૧. સમાનતાનો અધિકારઃ જે બધા નાગરિકો માટે સમાન અધિકારની તરફેણ કરે છે તથા જાતિ, ધર્મ, જન્મસ્થળ કે લિંગના આધારે ફેલાયેલી અસમાનતાને અટકાવે છે. આ અધિકાર જાહેર રોજગાર સંબંધિત બાબતોમાં સમાન તકની ખાતરી આપે છે તથા રાજ્યને માત્ર ધર્મ, જાતિ, વંશ, જન્મસ્થળ, નિવાસસ્થાન અથવા તેમાંના કોઈપણ કારણોસર રોજગારના મામલામાં કોઈની સાથે ભેદભાવ કરવાથી અટકાવે છે. (આર્ટિકલ ૧૪ થી ૧૮)

૨. સ્વતંત્રતાનો અધિકારઃ સ્વતંત્રતાનો અધિકાર આપણને બોલવાની સ્વતંત્રતા, અભિવ્યક્તિની સ્વતંત્રતા, શસ્ત્રો વિના એકઠા થવાની સ્વતંત્રતા, આપણા દેશના સમગ્ર ક્ષેત્રમાં ચળવળની સ્વતંત્રતા, સંગઠનની સ્વતંત્રતા, કોઈપણ વ્યવસાયની સ્વતંત્રતા, દેશના કોઈપણ ભાગમાં રહેવાની સ્વતંત્રતા જેવા વિવિધ અધિકારો પૂરો પાડે છે. જો કે આ અધિકારોના પોતાના પ્રતિબંધો પણ રહેલા છે. (આર્ટિકલ ૧૯ થી ૨૨)

૩. શોષણ સામે અધિકારઃ હ્યુમન ટ્રાફિકિંગ, બાળમજૂરી, બળજબરીપૂર્વક મજૂરી કરાવવી તથા વેતન વિના કામ કરવા મજબૂર કરવાના કોઈપણ કૃત્ય પર પ્રતિબંધ આ અધિકારથી પ્રાપ્ત થાય છે. (આર્ટિકલ ૨૩ અને ૨૪)

૪. ધર્મની સ્વતંત્રતાનો અધિકારઃ રાઈટ ટુ ફ્રીડમ ઓફ રિલિજિયન એ ધાર્મિક સ્વતંત્રતાની બાંહેધરી આપે છે. જે અંતર્ગત ભારતના બધા રાજ્યોએ તમામ ધર્મો સાથે સમાન અને નિષ્પક્ષ વર્તન કરવું જોઈએ. કોઈ પણ રાજ્યનો કોઈ સત્તાવાર ધર્મ નથી તથા બધા લોકોને અંતઃકરણની સ્વતંત્રતા અને તેમની પસંદગીના કોઈપણ ધર્મનો ઉપદેશ, અભ્યાસ અને પ્રચાર કરવાની પણ આઝાદી આપે છે. (આર્ટિકલ ૨૫ થી ૨૮)




૫. સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારઃ સાંસ્કૃતિક અધિકારો એ સાંસ્કૃતિક, ધાર્મિક અને ભાષીય લઘુમતીઓને તેમના વારસોના રક્ષણ માટેના તેમના અધિકારોનું સમર્થન કરે છે તથા શૈક્ષણિક અધિકારો વ્યક્તિની જાતિ, લિંગ, ધર્મ વગેરેને ધ્યાનમાં લીધા વિના દરેક માટે શિક્ષણની ખાતરી આપે છે. (આર્ટિકલ ૨૯ અને ૩૦)

૬. બંધારણીય ઉપાયોનો અધિકારઃ આ અધિકાર ભારતના નાગરિકોને તેમના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન સામે અમલ કરાવવા અથવા તેમના રક્ષણની માંગ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં જવા સુનિશ્ચિત કરે છે. સુપ્રીમ કોર્ટ પાસે ખાનગી સંસ્થાઓ સામે પણ મૂળભૂત હક્કો લાગુ કરવાનો અધિકાર છે, અને જો કોઈ ઉલ્લંઘન થાય છે તો, અસરગ્રસ્ત વ્યક્તિને વળતર પણ અપાય છે. (આર્ટિકલ ૩૨)

ભારતમાં માનવ અધિકારોના સંરક્ષણ અને પ્રમોશન માટે માનવ અધિકાર અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (નેશનલ હ્યુમન રાઈટ કમિશન)ની સ્થપના કરવામાં આવી છે. જેમા મુખ્ય માનવાધિકારના ઉલ્લંઘન અથવા બેદરકારીની ફરિયાદોની તપાસ કરવી, સરકારને તેમના અસરકારક અમલીકરણ માટેની ભલામણો કરવી, જનતામાં માનવાધિકારની જાગૃતિ ફેલાવવી જેવા વગેરે કાર્યોનો સમાવેશ થાય છે. ભારતમાં કેટલાક ચુકાદાઓમા રાષ્ટ્રીય માનવાધિકાર આયોગનુ ખુબ જ મહત્વપુર્ણ યોગદાન રહેલુ છે. જેમ કે નવી દિલ્હીમાં દહેજ મૃત્યુથી સંબંધિત એક કેસમાં આયોગે સીલમપુરના એસડીએમ પાસેથી પૂછપરછ અહેવાલ એકત્રિત કરવા, ગંભીર પગલા ન ભરતા તથા એફઆઈઆર નોંધાવવાની તેમની બેદરકારી બદલ અન્ય બે સુપરવાઈઝિંગ પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની હાકલ કરી હતી. બીજા એક કેસમા આયોગે ૧૮ સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ અલ્હાબાદમાં પિન્ટો મિશ્રાની હત્યા સંબંધિત કેસમાં યુપી સત્તાવાળાઓના વલણ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. આયોગે વધુમાં, ડીએમ, અલ્હાબાદને મેજિસ્ટ્રેલ સમક્ષ સમન્સ પાઠવ્યું હતું. અલ્હાબાદમાં વાહનોની તપાસ કરતી વખતે પોલીસે સ્વ બચાવમાં ગોળીબાર કર્યો ત્યારે પિન્ટો મિશ્રાની હત્યા થઈ હતી.

# એર ડિફેન્સ રેજિમેન્ટ દ્વારા ૪૯મા સામ્બા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૯

એર ડિફેન્સ રેજિમેન્ટ દ્વારા ૦૭ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ગૌરવભેર ‘૪૯મા સામ્બા દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૭૧ના યુદ્ધ વખતે સંકટના વાદળો ઘેરાયેલા હતા ત્યારે, એર ડિફેન્સ રેજિમેન્ટે નિર્ણાયક ઘડીમાં મોરચો સંભાળીને ભાગ્ય પલટાવી દીધું હતું. ૦૭ ડિસેમ્બર ૧૯૭૧નો દિવસ રેજિમેન્ટના ઈતિહાસમાં સોનેરી અક્ષરોથી લખાયેલો છે કારણ કે, આ દિવસે સામ્બાના આકાશામાં થયેલા ભીષણ એર ડિફેન્સ યુદ્ધમાં આ રિજેમેન્ટે ૧૧ પાકિસ્તાની એરક્રાફટનો નાશ કરીને ચાર અલગ અલગ હવાઈ હુમલા નાબૂદ કરી દીધા હતા.

ગનર ભદ્રેશ્વર પાઠક, વીર ચક્ર (મરણોત્તર) અને લાન્સ હવલદાર બાલ બહાદુરે, વીર ચક્ર સૌથી શૌર્યપૂર્ણ લડત આપી હતી જેનાથી રેજિમેન્ટને અસામાન્ય બહાદુરી, શૌર્ય અને હિંમત દાખવવા બદલ ‘સામ્બા VA/VP’ સન્માન આપવામાં આવ્યું હતું.

# જન્મદિને વધામણી




મુકેશ શાહ
પ્રમુખ, એનસીપી, ગાંધીનગર શહેર




કડવાતર રમેશભાઈ નગીનભાઈ
મો. ૯૧૭૩૮ ૭૩૧૮૩



અરવિંદભાઈ પટેલ
રેડક્રોસ, ગાંધીનગર



ધ્રુવ શાહ
મો. ૯૭૨૭૫ ૧૯૨૪૨



પાર્થ પટેલ
મો. ૯૭૨૪૪ ૧૯૨૫૦



અર્ણવ મેહુલકુમાર કવિ
મો. ૯૬૨૪૯ ૪૪૮૨૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...